આજે મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે મતદાન

ભોપાલ,તા. ૨૪

મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે યોજાનાર મતદાનને ધ્યાનમાં રાખી તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજ્યમાં અર્ધ સૈનિક દળોની સાથે સ્થાનિક પોલીસના દળો ગોઠવી દેવામાં આવ્યા છે જ્યારે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં વોચ માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. મધ્યપ્રદેશમાં આવતીકાલે ૪ કરોડ ૬૬ લાખથી વધુ મતદારો ૨૫૮૩ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરશે. રાજ્યમાં કુલ ૫૩૯૪૬ મતદાન કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે જેમાંથી ૧૪૯૫૦ મતદાન કેન્દ્રો સંવેદનશીલ છે આ ઉપરાંત ૬૦ વિધાનસભા સીટને સંવેદનશીલ જાહેર કરાઈ છે. મધ્યપ્રદેશની તમામ ૨૩૦ વિધાનસભા સીટો પર શાંતિપૂર્ણ અને નિઃષ્પક્ષ મતદાન થાય તે માટે મોટી સંખ્યામાં સુરક્ષાદળો ગોઠવી દેવામાં આવ્યા છે. જિલ્લાઓમાં શનિવારથી સુરક્ષાબળો દ્વારા ફ્લેગમાર્ચ કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ પેરા મિલિટ્રી ફોર્સ, સીઆરપીએફ, સ્પેશિયલ આર્મી પોલીસની ૫૨૨ કંપનીઓ મધ્યપ્રદેશમાં તૈનાત કરાઈ છે તેમજ જો ચૂંટણી સમયે જરૂર પડે તો વધુ કંપનીઓ મધ્યપ્રદેશ મોકલવામાં આવશે. નક્સલ પ્રભાવિત બાલાઘાટ અને સિંગરોલી જિલ્લામાં એક એક હેલિકોપ્ટરથી નજર રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત છ રાજ્યોના ૨૯૫૦૦ હોમગાર્ડ જવાનોને ચૂંટણી દરમિયાન કામગીરીમાં રોકવામાં આવ્યા છે. ચૂંટણીમાં શાંતિ જાળવી રાખવા માટે પડોશી રાજ્યોની સરહદો સીલ કરી દેવામાં આવી છે એટલુ જ નહીં બહારથી આવતા લોકોની તપાસ કરવામાં આવી રહી છે અને અતિઆવશ્યકતા ન હોય ત્યાં સુધી બહારથી આવતા લોકોને અટકાવવામાં આવી રહ્યા છે. મધ્યપ્રદેશમાં ૪,૬૬,૩૧,૭૫૯ કુલ મતદારો છે તેમાંથી ૨,૨૦,૫૬,૮૧૨ મહિલા મતદારો છે. મતદાન પ્રક્રિયાને નિઃષ્પક્ષ રીતે પૂર્ણ કરવા ૮૦૦૦૦ અધિકારી અને કર્મચારીઓને જવાબદારી સોંપાઈ છે. મતદાન પહેલા સુરક્ષાબળોએ પાંચ જિલ્લામાંથી ગેરકાયદેસરરીતે વેચવામાં આવી રહેલા નવ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે.

રાહુલ અને સોનિયા બુધવારે રાયબરેલી જશે

ચૂંટણીનું ઘોષણા પત્ર તૈયાર કરવા લોકમત જાણશે કોંગ્રેસ

નવી દિલ્હી,તા. ૨૪

કોંગ્રેસ અધ્યક્ષ સોનાયા ગાંધી અને રાહુલ ગાંધી બુધવારે રાયબરેલી જાય તેવી શક્યતા છે. જ્યાં તેઓ આગામી લોકસભા ચૂંટણી માટે પાર્ટીનું ઘોષણાપત્ર તૈયાર કરવા અંગે લોકોની પ્રતિક્રિયા મેળવશે. કોંગ્રેસ પાર્ટીની કેન્દ્રીય ઘોષણા સમીતિની એક બેઠક રાયબરેલીમાં યોજવાની છે. જે લોકો સાથે સીધો સંપર્ક કરી તેમની પ્રતિક્રિયા મેળવશે જેથી લોકોની સલાહોના દસ્તાવેજ બનાવી ઘોષણા પત્રમાં સામેલ કરવા વિચાર કરી શકાય. પાર્ટીના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી છેલ્લા કેટલાક સમયથી પાર્ટીના નેતાઓને જણાવી રહ્યું છે કે પાર્ટીની દિશા નક્કી કરવા માટે જમીન સાથે જોડાયેલા લોકોની પણ સલાહ લેવામાં આવે.

આ ઉપરાંત ઘોષણા પત્રક તૈયાર કરવા માટે અલગ અલગ કોંગ્રેસની કમીતિઓ પાસેથી પણ પ્રતિક્રિયા મેળવાશે. આ વર્ષે જાન્યુઆરીમાં જયપુરમાં યોજાયેલી કોંગ્રેસની ચિંતન શિબિરમાં રાહુલ ગાંધીએ આપેલા ભાવાત્મક ભાષણમાં પણ આ મુદ્દો છવાયેલો રહ્યો હતો. તેમને ૨૩ ઓક્ટોબરે અરવલમાં પાર્ટીના ઘોષણા પત્રક તૈયાર કરવા એક અલગ વેબસાઈટનો પણ પ્રારંભ કર્યો હતો અને આ વેબસાઈટ મારફતે તેમને લોકો પાસેથી સલાહ માગી છે. આ વેબસાઈટ ઉપરાંત પાર્ટીના કાર્યકરો દેશભરમાં લોકો સાથે સીધો સંપર્ક કરી તેમના અભિપ્રાય જાણી રહ્યા છે જેથી તેમના મતવ્યોને પણ ઘોષણા પત્રનો ભાગ બનાવી શકાય. એકે એન્ટોની, પી. ચિદમ્બરમ, સુશીલકુમાર શિંદે, આનંદ શર્મા, દિગ્વિજયસિંહ, સલમાન ખુરશીદ, સંદીપ દિક્ષીત, અજીત જોગી, રેણુકા ચૌધરી, પી એલ પુનિયા, મોહનગોપાલ અને જયરામ રમેશ આ ઘોષણા પત્ર સમીતિના સભ્યો છે. એ કે એન્ટોનીની અધ્યક્ષતામાં નિમાયેલી આ ઘોષણાપત્ર સમીતિની બીજી બેઠકમાં રાહુલ ગાંધીએ નેતાઓને જણાવ્યું હતું કે લોકો પાસેથી મળતી સલાહને ઘોષણા પત્રમાં સામેલ કરવામાં આવે.

યૈજ્ઞાનિકોએ અંધવિશ્વાસથી બચવું જોઈએ : રાવ

ઈસરોને અંધવિશ્વાસી ગણાવતા ભારત રત્ન સીએલઆર રાવ

બેંગ્લોર,તા. ૨૪

દેશના સર્વોચ્ચ નાગરિક સમ્માન ભારત રત્ન માટે અપીલ કરાયેલ વૈજ્ઞાનિક સીએલઆર રાવે ઈસરોને અંધવિશ્વાસી ગણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે દરેક સ્પેસ મિશન પહેલાં ઈસરો ભગવાન તિરુપતિ બાલાજીના આશીર્વાદ લેવા પહોંચી જાય છે. જે અંધવિશ્વાસ છે. આ અંધવિશ્વાસમાં

વિજ્ઞાન સાથે જોડાયેલા લોકોએ વિશ્વાસ ન કરવો જોઈએ. રાવને જ્યારે પૂછવામાં આવ્યું કે શ્રીહરિ કવોટા અંતરીક્ષ કેન્દ્રથી કોઈપણ સેટેલાઈટ લોન્ચ કરતા પહેલાં ઈસરો દ્વારા એ સેટેલાઈટની નાની પ્રતિકૃતિ તિરુપતિ બાલાજીના ચરણોમાં સમર્પિત કરવામાં આવે છે શું પોતે તેને અંધવિશ્વાસ માને છે. જેના જવાબમાં રાવે જણાવ્યું હતું કે આ એક પ્રકારનો અંધવિશ્વાસ જ છે. બેંગ્લોરમાં રેસ ક્લબ આયોજિત એક કાર્યક્રમમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિકે જણાવ્યું હતું કે માણસ જ્યારે ડરેલો હોય છે ત્યારે વિચારે છે કે જે તે પ્રાર્થના કરશે. માનતાઓ માનશે તો તેનું દરેક કામ સફળ થશે. વૈજ્ઞાનિક સલાહકાર પરિષદના અધ્યક્ષ રાવે જણાવ્યું હતું કે હું આ પ્રકારના અંધવિશ્વાસમાં નથી માનતો. હું જ્યોતિષ શાસ્ત્રમાં પણ વિશ્વાસ નથી રાખતો. વૈજ્ઞાનિક તથ્યો સાથે જોડાયેલા આવા કોઈપણ પ્રકારના અંધવિશ્વાસથી બચવું જોઈએ.

દેશની નિકાસ વધારવા ઉપર ભાર મૂકવા નાણાંમંત્રીનું સૂચન

ચેન્નઈ,તા. ૨૪

વધતી જતી વેપાર ખોટને કાબૂમાં લેવા માટે નાણાંમંત્રી પી ચિદમ્બરમે નિકાસ વધારવા ઉપર ભાર મુક્યો છે. ઉદ્યોગ અને વેપાર જગતના લોકોને તેમણે વિનંતી કરી છે કે વર્તમાન માહોલમાં આકર્ષક નિકાસદરનો લાભ ઉઠાવવો જોઈએ. વેપારમાં ખોટને નિયંત્રિત કરવા માટે આયાત પર અંકુશ મુકવો જોઈએ.

આ ઉપરાંત નિકાસ વધારવા પ્રયત્ન કરવો જોઈએ. નિકાસકારોના સંગઠન ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન તરફથી એક બેઠકમાં ભાગ લેતા નાણામંત્રીએ જણાવ્યુ હતુ કે એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન વેપારી ખોટ ૯૦.૭ અબજ ડોલરથી ખોટ રહી છે. ગત વર્ષે કુલ વેપારી ખોટ ૧૯૦ અબજ ડોલર હતી. આ વર્ષે સાત મહિનામાં ૯૦ અબજ ડોલરનો આંકડો પાર કરી લીધો છે. આ દરમિયાન ખોટ આ રીતે જ વધતી રહેશે તો એક વર્ષના અંત સુધી ૧૫૦ અબજ ડોલરનો આંકડો પાર કરી લેશે. જો વેપારી ખોટ ૧૫૫ અબજ ડોલર રહેશે તો પણ તે યોગ્ય ગમાશે. ચિદમ્બરમે જણાવ્યુ હતુ કે નિકાસ વધારવા માટે સરકાર ઉદ્યોગજગતના સૂચનો સાંભળવા તૈયાર છે. અમારુ લક્ષ્ય વધુમાં વધુ નિકાસ વધારવાનું છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર મહિનામાં નિકાસદર ૧૩.૫ ટકા વધ્યો છે જે છેલ્લા બે વર્ષમાં સૌથી વધારો દર્શાવે છે. સોનાની આયાત પર અંકુશ મૂકવા અંગે નાણાંમંત્રીએ જણાવ્યુ હતુ કે સરકાર આ સમસ્યાનો સામનો કરવા માટે તમામ ઉપાયો કરી રહી છે. જો કે આયાતમાં ઢીલ આપવા અંગે તેમણે ફરી એકવાર સ્પષ્ટ ના પાડી દીધી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આયાત અને નિકાસ સમાન રહે એ જ સરકાર નું લક્ષ્ય છે.

તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ કુણાલ ઘોષની આખરે ધરપકડ

કોલકાતા,તા. ૨૪

પશ્ચીમ બંગાળમાં સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલ સાંસદ કુણાલ ઘોસમીની ધરપકડ કરી લેવામાં આવી છે. કુણાલ ઘોષ પર

શારદાચીટ ફંડ કૌભાંડનો આરોપ છે. વિદ્યાનગરના પોલીસ અધિકારી અર્નબ કુણાલ ઘોસમીની ધરપકડ કરી લેવામાં આવી છે અને અત્યારે તે પોલીસની કસ્ટડીમાં છે. અર્નબે વધુમાં ઉમેર્યું હતું કે અત્યાર સુધી જે સબૂત મળ્યાં છે તે શારદા ગ્રૂપના અધ્યક્ષ સુદીપતા સૈન અને અન્ય લોકો પણ આ કૌભાંડમાં સામેલ છે. અધિકારીએ જણાવ્યું હતું કે સંસદે રાજકીય દંડ સહિતાની કલમ ૪૨૦, ૧૨૦બી અને ૪૦૬ મુજબના અપરાધો માટે સાંસદ કુણાલ ઘોષની ધરપકડ કરાયા બાદ ઉલ્લેખનીય છે કે પત્રકારમાંથી રાજનેતા બનેલ કુણાલ શારદા મીડિયાના મુખ્ય કાર્યકારી અધિકારી હતા. તેમને શારદા મીડિયા સામેની કંપની બ્રોડકાસ્ટ વર્લ્ડવાઈઝના મહાપ્રબંધક દ્વારા દાખલ કરવામાં આવેલ કેસ સંદર્ભે ગિરફતાર કરવામાં આવ્યા છે. રાજ્ય સભાના સાંસદ કુણાલ ઘોસમીની પ્રાથમિક ફરિયાદ દાખલ કર્યાના થોડીક ક્ષણોમાં ધરપકડ કરી લેવામાં આવી છે. સાંસદ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે અરુણ શારદા ફંડ કૌભાંડમાં નિવેદન આપવા તેમના પર દબાણ કરી રહ્યા હતા, ધમકીઓ આપી રહ્યા હતા.

એક દિનમાં ૩૨,૩૨૬ કેસનો નિકાલ કરીને સર્જ્યો ઇતિહાસ

ફરીદાબાદ જિલ્લામાં લોકલ અદાલતે એક જ દિવસમાં વિવિધ કેસમાં લોકોને રૂ.૪૮૪૫૫૧૮૦નો દંડ ફટકાર્યો

ફરીદાબાદ,તા. ૨૪

શનિવારે ફરીદાબાદમાં કોર્ટ અને સરકારી કાર્યાલયોમાં આયોજિત એક મેગા અદાલતમાં એક જ દિવસમાં ૩૨૩૬૨ કેસોનો નિકાસ કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો છે. આ અદાલતમાં ૪,૮૪,૫૫,૧૮૦ રૂપિયાનો આર્થિક દંડ કરવામાં આવ્યો છે. મેગા અદાલતમાં નોડલ ઓફિસર, જિલ્લા ન્યાયાધીશ સંજીવ કુમાર મલિકે જણાવ્યું હતું કે લોક અદાલતમાં ૩૮૮૧૫ કેસ રજૂ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૩૨૩૬૨ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સિવિલ કોર્ટોમાં ૮૩૪૧ અને અન્ય કોર્ટોમાં ૨૪૦૨૧ કેસનો નિકાલ થયો છે. જ્યારે ૬૪૫૩ કેસ હજુ બાકી રહી ગયા છે. તેમને જણાવ્યું હતું કે સૌથી વધુ પેન્શન સંબંધી ૧૩૦૩૭ કેસોનો નિકાલ લાવવામાં આવ્યો છે. આ ઉપરાંત મોટર, વ્હીકલ એકટના ૩૭૨૨, વીજ વિભાગના ૧૩૭૩, પોલીસ વિભાગના ૨૬૯૭ અને આર્થિક લેવડ દેવડ સંબંધિત ૫૬૪૦ કેસોનો નિકાલ થયો છે. મેગા લોક અદાલતમાં કુલ ૩૯૦૩૧ લોકોને સાંકળી લેવામાં આવ્યા હતા જેમાં ૧૭૭૫ મહિલાઓ, ૧૩૭૦૮ વિકલાંગો, ૧૪૦૯ બાળકો અને ૮૧૩ વૃદ્ધ સામેલ છે. જિલ્લા જજ પી કે મિશ્રા, જિલ્લા અધિકારી પવનકુમાર પોલીસ અધિક્ષક આર પી પાંડેય જેવા વરિષ્ઠ ન્યાયીક પ્રસાસરીક અને અન્ય અધિકારીઓને મેગા લોક અદાલતમાં કેસોનો નિકાસ લાવવામાં મદદ કરી હતી. સિનિયર જજ રાધેશ્યામ યાદવે હોલેપુર નગલા રાજન નિવાસી વિનોદ અને તેમની પત્ની શિવદેવી વચ્ચે સમાધાન કરાવી તેમના વસૂલી ચાલતા ઝઘડાનો અંત લાવ્યો હતો. આ ઉપરાંત સોની સાક્ય અને તેના પતિ મહેપાલના વિવાદમાં પણ સમજૂતી કરવામાં આવી હતી.

સિવિલ જજે જણાવ્યું હતું કે બંને દંપતીઓને કડક ચેતવણી આપીને સમજૂતી કરારમાં સહી કરાવી હતી. કાયમ પંચના જણાવ્યાનુસાર એડીએમ પ્રહલાદસિંહ અને તહસિંહદાસ વી કે જોષીની અદાલતોમાં અલગ અલગ વાયદાઓ અને પ્રાર્થના સંબંધિત ૨૪૧૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટના પ્રસાદે ન્યાયાલયના અલગ અલગ ૫૭૮ કેસોનો નિકાલ લાવ્યો હતો.

બિહારના મધ્યાહન ભોજનની થાળીમાંથી મરેલો ઉંદર મળ્યો

પટના,તા. ૨૪

બિહારની રાજધાની પટનામાં ફરી એકવાર વિદ્યાર્થીને મળતા મધ્યાહન ભોજનને લઈને વિવાદ સર્જાયો છે. પટનાની એક સ્કૂલમાં વિદ્યાર્થીઓને જે મધ્યાહન ભોજન પીરસવામાં આવ્યું હતું તે ભોજનમાંથી મરેલો ઉંદર નીકળતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પગલે શાળાના શિક્ષકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને તેમને ભોજનમાં ઉંદર નિકળવાની ઘટના અંગે પૂરી જાણ ન કરવા વિનંતી કરી હતી.

આ પહેલા પણ બિહારની અનેક સ્કૂલોમાં મધ્યાહન ભોજનમાંથી ગરોડી, દેડકાં અને ઉંદર નિકળવાની ઘટનાઓ સામેલ આવી હતી. પટનાના એક અધિકારીએ જણાવ્યું હતું કે અહીંના રૈજપુર વિસ્તારમાં એક સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીની થાળીમાં પિરસવામાં આવેલ મધ્યાહન ભોજનમાંથી મરેલો ઉંદર મળ્યો હતો. પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે વાસ્તવમાં આ અંગે પોતાની આંખો પર પણ વિશ્વાસ ન થાય તેવી ઘટના છે. પરંતુ હકીકતમાં તે મરેલો ઉંદર જ હતો. સ્કૂલના શિક્ષકોએ આ અંગે માહિતી મળતા તાત્કાલિક મધ્યાહન ભોજન ખાતા અટકાવ્યા હતા અને આ ઘટના અંગે કોઈને જાણ ન

કરવા બાળકોને જણાવ્યું હતું. પરંતુ કેટલાક બાળકએ ઘરે પરત ફરી પોતાના વાલીઓને આ અંગે જણાવતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. પટના જિલ્લાના દંડાધિકારી એન સરવણકુમારે જણાવ્યું હતું કે તેમને આ ઘટના અંગે કોઈપણ પ્રકારની માહિતી નથી. આ ઘટના અંગે સ્કૂલના અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે પહેલા આ ઘટના અંગે સંબંધિત અધિકારી સાથે પૂછપરછ કરવામાં આવશે.

આ અંગે પટના જિલ્લા મધ્યાહન ભોજન યોજનાના ઈન્ચાર્જ સુશીલકુમાર તિવારીએ જણાવ્યું હતું કે આ ઘટના માટે જે કોઈ પણ વ્યક્તિ જવાબદાર હશે તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે જૂનમાં બિહારના સારંગ જિલ્લામાં મધ્યાહન ભોજન ખાવાથી ૨૩ બાળકોના મોત થયા હતા. તેમ છતાં પ્રસાસણ ગંભીરતાપૂર્વક જઈ રહ્યું નથી.

સ્વાદ ફિક્કો થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કિલો, ગુંદરપાક ૪૦૦ રૂ. કિલો, ગુંદર ડ્રાય ફ્રુટ લાડુ ૪૮૦ રૂ. કિલો, અડદિયા ૪૦૦ રૂ. કિલો, મેશીના લાડુ- ૪૦૦ રૂ. કિલો, કચરિયુ-સકેદ તલનું ૨૨૦ રૂ. કિલો જ્યારે કાળા તલનું ૨૪૦ રૂ. કિલો, ચિક્કી ૨૦૦ રૂ. કિલો અને ગજક ૨૪૦ રૂ. કિલો બજારમાં મળે છે જે કિંમત ગત વર્ષ કરતા ૧૫ થી ૨૦ ટકા વધારે છે.

એક સર્વે મુજબ શહેરના પ્રતિષ્ઠિત દુકાનદારને પૂછતા આ વર્ષે ગ્રાહકોની સંખ્યા હજુ ઓછી છે. તેમણે એવું પણ જણાવ્યું હતું કે હજુ તો શિયાળાની શરૂઆત છે. પણ જ્યારે શિયાળો મધ્યાંતરે પહોંચશે ત્યારે વસાણાની ખરીદીમાં ખુબ જ પ્રમાણમાં વધારો જોવા મળશે તેમણે એમ પણ કહ્યુંહતુંકે ગત વર્ષે પણ આજ પરિસ્થિતિ હતી પણ શિયાળાના મધ્યાંતર બાદ વસાણા ખરીદીમાં અચાનક તેજી આવી જાય છે. શિયાળામાં જઠરાગ્નિ પ્રબળ થવાથી પૌષ્ટિક આહાર સરળતાથી પચાવે છે. જેથી શિયાળા દરમિયાન વસાણા ખાવાનું મહત્વ વધારે રહેલું છે. આ વસાણા હવે બજારમાં તૈયાર મળતા હોવાથી ગૃહિણીઓ પણ ઘરે બનાવવાનું ટાળી રહ્યા છે. પરંતુ શુધ્ધતાના આગ્રહીઓ હજુ પણ વસાણા ઘરે બનાવવાનો આગ્રહ રાખે છે. બાળકોને પણ સંકુલમાં નાસ્તા માટે મમ્મી શિયાળા દરમિયાન વસાણા ભરી આપતી હોય છે. પરંતુ એક ચોકકસ વડીલ વર્ગ એવો છે કે જે શિયાળા દરમિયાન વિવિધ વસાણા આરોગવાનું અવશ્ય પસંદ કરે છે.

ભારતની સાથે લોકસભાની ચૂંટણી બાદ જ શાંતિમંત્રણા

ઇસ્લામાબાદ,તા. ૨૪

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે તમામ વિવાદાસ્પદ મુદ્દાના ઉકેલ માટે ભારત-પાકિસ્તાન વચ્ચે શાંતિ મંત્રણાની હિમાયત કરતા જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે ભારતમાં આગામી વર્ષે યોજાનાર લોકસભાની ચૂંટણી બાદ વાતચીત થાય તેવી શક્યતા છે. શરીફે જણાવ્યું હતું કે ભારત સાથે સારા સંબંધો રાખવા તેમની પાર્ટી પીએમએલ ડોટ એનની પ્રાથમિકતા છે. સરહદ ઉપરની અશાંતિ બંને દેશોના હિતમાં યોગ્ય નથી. તેમને જણાવ્યું કે બંને દેશો શાંતિ મંત્રણા ઇચ્છી રહ્યા છે જેમાં કાશ્મીર સહિત તમામ વિવાદાસ્પદ મુદ્દાઓનું સમાધાન કાઢવા

પ્રયત્ન કરાશે. શરીફે ઉમેર્યું હતું કે ભારતની ચૂંટણી પછી એવી સ્થિતિ ઉત્પન્ન થશે જે બંને દેશ વાતચીત દ્વારા વિવાદો ઉકેલવા પ્રયત્ન કરે. તેમને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના પ્રયત્નોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે બંને દેશોએ પાંચમી વખતે યોજાયેલ મુદ્દાઓ ઉપર જ બેઠક આગળ વધારવી જોઈએ.

નવાઝ શરીફે ૧૯૯૯માં તત્કાલીન ભારતીય વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે થયેલી શાંતિ મંત્રણામાં ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે વાજપેયી એક વાસ્તવિક નેતા હતા. ૧૯૯૯માં તેમને મને જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે કાશ્મીર સહિત તમામ વિવાદોનું એક વર્ષની અંદર સમાધાન થવું જોઈએ. તેમને જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ મંત્રણા આ જ સિદ્ધાંત મુજબ આગળ વધવી જોઈએ અને આ શાંતિ મંત્રણા માટે અમારી સરકાર તૈયાર છે. પાકિસ્તાની વડાપ્રધાને ભારતના વડાપ્રધાન મનમોહનસિંહ સાથે ન્યૂયોર્કમાં થયેલ વાતચીતનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે મને પૂરો વિશ્વાસ છે કે આગામી પરિસ્થિતિઓ બંને દેશો માટે સાનુકૂળ હશે.

ઇમરાન હાસ્મી પણ ફિલ્મ નિર્માણના ક્ષેત્રે ઝંપલાવશે

મુંબઈ,તા. ૨૪

સિરિયલ કિસર તરીકે બોલિવૂડમાં જાણીતા બનેલા અભિનેતા ઈમરાન હાસ્મીએ આવનાર સમયમાં ફિલ્મો બનાવવાની પણ તૈયારી કરી લીધી છે. શાહરૂખ ખાન, આમીર ખાન, સૈફ અલી ખાન અને અક્ષય કુમાર બાદ ઈમરાન હાસ્મી પણ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં ઝંપલાવવા જઈ રહ્યો છે. ઈમરાનનું કહેવું છે કે આવનાર થોડાક વર્ષોમાં તે ઝંપલાવશે. ટોચના અભિનેતાઓ પ્રોડકશનમાં કૂદી પડ્યા છે. તે પોતે પણ આક્ષેત્રમાં જોડાવા માગે છે. લાંબા અનુભવ બાદ આ ચીજ શક્ય બની શકે છે. ફિલ્મોમાં ૨૦ વર્ષથી વધુનો સમય થઈ ગયા બાદ ટોચના કલાકારો ફિલ્મ નિર્માણમાં કૂદી પડ્યા છે. ઈમરાનના સંબંધી મહેશ અને મુકેશ ભટ્ટ તેમની પોતાની પ્રોડકશન કંપની ધરાવે છે જે વિશેષ ફિલ્મ નામથી લોકપ્રિય છે. અભિનેતાએ મહેશ ભટ્ટના બેનર હેઠળ બનેલી ફિલ્મ મારફતે જ બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદથી ઈમરાન હાસ્મી ટોચના અભિનેતા તરીકે ઊભરી રહ્યો છે. તેની પાસે મોટા બેનરની ફિલ્મ પણ આવી રહી છે. ઈમરાન હાસ્મી હાલમાં પોતાની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે.

બાસવાડામાં મોદીના કોંગ્રેસ પર ઉગ્ર પ્રહારો

કોંગ્રેસના પેટમાં સૌથી વધારે ઝેર ભર્યુ છે :મોદીનો આકોશ

નવી દિલ્હી,તા. ૨૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ફરીથી એકવાર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પર નિશાન સાધ્યુ હતુ. આ ઉપરાંત તેમણે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. રાજસ્થાનના બાસવાડામાં ચૂંટણીસભાને સંબોધતા નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે દેશમાં લોકો વચ્ચે ભેદભાવ ઉભો કરવાનું કામ કોંગ્રેસે કર્યુ છે. મોદીએ ભાજપના નેતાઓ પર સાંપ્રદાયિક



ઝેર પ્રસરાવવાનો આરોપને લઈને મોદીએ જણાવ્યુ હતુ કે મેડમ કહે છે કે સત્તા ઝેર છે. હું પુછુ છું કે સૌથી વધારે સત્તામાં કોણ રહ્યુ ? સૌથી વધારે ઝેર કોણે ફેલાવ્યું ? સૌથી વધારે ઝેર કોના પેટમાં છે ? તો પછી સૌથી વધારે ઝેર કોણ ફેલાવી શકે ? નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધી પર નિશાન સાધતા જણાવ્યુ હતુ કે શહેદાજો હંમેશા ગરીબીની માળા જપે છે. તેમના ઘરે જાય છે અને તેમની સાથે ફોટો પડાવે છે. તેમને એવા જ ગરીબો દેખાય છે જેના ઘર આગળ મિડિયાનો જમાવડો હોય. પરંતુ દિલ્હીમાં તેમના જ ઘરની સામે રહેતા ગરીબો તેમને દેખાતા નથી. મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને દોષિત ગણાવીને મોદીએ જણાવ્યુ હતુ કે સત્તામાં આવ્યા બાદ ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યુ હતુ પરંતુ તેમણે પોતાના વચનને પાળ્યુ નથી. આવી વચનભંગ કરનાર કોંગ્રેસને દેશની જનતા માંફ નહીં કરે. મોદીએ બાસવાડાના કુશલબાગ મેદાનમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં આયોજિત સભાને સંબોધિત કરતા જણાવ્યુ હતુ કે રાજસ્થાનમાં ચૂંટણી પ્રચારમાં આવેલા વડાપ્રધાન મનમોહનસિંહ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશમાં વધી રહેલ મોંઘવારી અંગે મોઢું ખોલ્યુ નથી. તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસના નેતાઓની વિરોધીઓ પર આરોપ લગાવવાની માનસિકતાને લોકો ઓળખી ગયા છે અને હવે લોકો તેમના બહેકાવામાં નહીં આવે.

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે... (પાના નં. ૪ નું ચાલુ)

સત્તા અનેક અનિષ્ઠો સર્જે છે તેમ છતાં હંમેશા અનિષ્ટમાંથી પણ કંઇક ઇષ્ટ તો જન્મે જ છે - કુરૂક્ષેત્રમાંથી ગીતા સર્જાઇ તેમ. સત્તાને કારણે સ્વાર્થ, જ્ઞાતિભેદ, ભ્રષ્ટાચાર અને વ્યક્તિકેન્દ્રિતા જેવા અનેક દૂષતો અને અનિષ્ટો ઉત્પન્ન થતાં આવ્યા છે એ એના વલણોમાંથી જ સમાજમાં જાગૃતિ પણ આવે છે. નિરાશા અને નિષ્ક્રિયતાનો પડદો દૂર કરવાની જરૂર છે. એક કવિના માર્મિક શબ્દો છે -

જબ તન કી આંખ ખુલતી હૈ
તો સંસાર દિખાઇ દેતા હૈ
મગર જબ મન કી આંખ ખુલતી હૈ
તો ભગવાન દિખાઇ દેતા હૈ

આપણા મહાન પૂર્વજોએ સ્થાપેલા આદર્શોના માપદંડ વર્તમાન પ્રજાએ જાણવાની જરૂર છે. સમાજના દોષોમાંથી જ વ્યક્તિમાં દોષ અને નિર્માણ થતો હોય છે. સમાદ સિન્ધુ જેવો છે, વ્યક્તિ બિન્દુ જેવો. સમાજના જાગ્રત વર્ગે જ સમાજને દિશા ચીંધવી પડશે. નાના નાના અવરોધોથી ડરી જઇને ઘરના એક ખૂણે બેસી જવામાં બહાદુરી નથી. આદર્શોની પુનઃપ્રતિષ્ઠા માટે પ્રબુદ્ધ વર્ગે ભેખ ધારણ કરી વિહારયાત્રા કરવી પડશે. વાણીવિલાસ છોડીને કર્તવ્ય પર ભાર મૂકવો પડશે. જીવન અર્થપૂર્ણ, ઉદ્દેશપૂર્ણ તેમ જ અસીમ છે.

શાંત ભવન મેં ટિકે રહના,
યહ ઉદ્દેશ નહીં હૈ જીવન કા ।
મુઝે પહુંચના હૈ ઉસ સીમા તક,
જિસકે આગે કોઇ રાહ નહીં ॥